# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 12-09-2025** **Morning: 7.45 TO 7.55**
**Day : FRIDAY** **National News**

**નમસ્કાર, આકાશવાણી (ઓપનિંગ ટ્યુન)**

**સમાચાર નિકીતા શાહ વાંચે છે.**

*****************************************************

1) **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીમાં જ્ઞાન ભારતમ્ સંમેલનમાં ભાગ લેશે**

2) **સી.પી. રાધાકૃષ્ણન આજે ભારતના 15મા ઉપરાષ્ટ્રપતિ તરીકે શપથ લેશે.**

3) **લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ સાંસદોને સંસદને અર્થપૂર્ણ ચર્ચા માટેનું મંચ બનાવવા વિનંતી કરી**

4) **ભારતીય નૌકાદળ આજે INS અરવલ્લીને પોતાના કાફલામાં સામેલ કરશે.**

5) ભારત સાથે સંરક્ષણ અને સુરક્ષા સહયોગને વધુ ગાઢ બનાવવાને પ્રાથમિકતા આપવાનું જણાવતાં **અમેરિકી રાજદૂત** સર્જિયો ગોર

*****************************************************

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ એક વાગીને વીસ મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.)

# PM-GYAN BHARATAM

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સાંજે નવી દિલ્હીમાં જ્ઞાન ભારતમ આંતરરાષ્ટ્રીય સંમેલનમાં ભાગ લેશે. તેઓ હસ્તપ્રતોને ડિજિટાઇઝેશન, સંરક્ષણ અને જાહેર સુલભતાને વેગ આપવા માટે સમર્પિત ડિજિટલ પ્લેટફોર્મ જ્ઞાન ભારતમ પોર્ટલનું પણ લોન્ચિંગ કરશે. આ પ્રસંગે પ્રધાનમંત્રી સભાને સંબોધન પણ કરશે.

આ ત્રિદિવસીય પરિષદ ગઈકાલે શરૂ થઈ હતી. આ પરિષદમાં ભારતની અનન્ય હસ્તપ્રત સંપત્તિને પુનર્જીવિત કરવા અને તેને વૈશ્વિક જ્ઞાન સંવાદના કેન્દ્રમાં મૂકવાના પગલાં પર ચર્ચા કરવા માટે અગ્રણી વિદ્વાનો, સંરક્ષણવાદીઓ, તકનીકી અને નીતિ નિષ્ણાતોને એકઠા થયા છે તેમાં દુર્લભ હસ્તપ્રતોનું પ્રદર્શન અને હસ્તપ્રત સંરક્ષણ, ડિજિટાઇઝેશન તકનીકો, મેટાડેટા ધોરણો, કાનૂની માળખા, સાંસ્કૃતિક રાજદ્વારી અને પ્રાચીન લિપિઓના અર્થઘટન જેવા મુખ્ય ક્ષેત્રો પર વિદ્વાનો દ્વારા પ્રસ્તુતિઓ પણ દર્શાવવામાં આવશે

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# VP - SWEARING-IN

સી.પી. રાધાકૃષ્ણન આજે ભારતના 15મા ઉપરાષ્ટ્રપતિ તરીકે શપથ લેશે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ રાષ્ટ્રપતિ ભવનમાં રાધાકૃષ્ણનને પદ અને ગોપનિયતના શપથ લેવડાવશે આ મહિનાની 9મી તારીખે યોજાયેલી ઉપરાષ્ટ્રપતિ ચૂંટણીમાં રાધાકૃષ્ણન વિજયી બન્યા હતા. તેમણે 452 મતો મેળવ્યા હતા તેમણે બી. સુદર્શન રેડ્ડીને 152 મતોથી હરાવ્યા હતા.

. . . . . . . . . . . . . . . . . . . .

# KARNATAKA-OM BIRLA

લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાએ રાજકીય પક્ષો અને ચૂંટાયેલા પ્રતિનિધિઓને સંસદને અર્થપૂર્ણ ચર્ચા અને સંવાદનું મંચ બનાવવા હાકલ કરી, જ્યાં રાષ્ટ્રીય મહત્વ અને જાહેર હિતના મુદ્દાઓ ઉઠાવી શકાય.

બેંગલુરુમાં 11મા કોમનવેલ્થ પાર્લામેન્ટરી એસોસિએશન ઇન્ડિયા રિજન કોન્ફરન્સના ઉદ્ઘાટન પ્રસંગે બોલતા, શ્રી બિરલાએ ધારાસભ્યોને રાજકીય જોડાણોને બાજુ પર મૂકી લોકોના પ્રતિનિધિઓ તરીકે ચર્ચામાં ભાગ લેવા વિનંતી કરી. તેમણે ગૃહમાં કાર્યવાહીના ઘટતા સ્તર અંગે નિરાશા વ્યક્ત કરી

(બાઈટ - OM BIRLA)

રાજ્યસભાના ઉપાધ્યક્ષ હરિવંશે પણ ગૃહમાં વિક્ષેપ અને અવ્યવસ્થાનો મુદ્દો ઉઠાવ્યો. તેમણે ધારાસભ્યોને નીતિ નિર્માણ પ્રક્રિયામાં ભાગ લેવા અપીલ કરતાં ધારાસભ્યોએ ગૃહમાં અર્થપૂર્ણ અને ઉત્પાદક વાતચીત દ્વારા કાયદાકીય પ્રક્રિયામાં લોકોનો વિશ્વાસ વધારવાની જરૂરિયાત જણાવી.

. . . . . . . . . . .

# GST REFORMS-TAX FREE GOODS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ સ્વતંત્રતા દિવસે લાલ કિલ્લાથી, દિવાળી સુધીમાં GST સુધારાઓની આગામી પેઢી અંગે કરેલી જાહેરાત બાદ GST કાઉન્સિલે 3 સપ્ટેમ્બરના રોજ દરોને તર્કસંગત બનાવી, ઘણા ક્ષેત્રોમાં કર દર ઘટાડી નાગરિકોના જીવનને સરળ બનાવવાની મંજૂરી આપી.

આજે, આપણે કરમુક્ત વસ્તુઓ માટેના સુધારાઓ પર સાંભળીએ એક અહેવાલ

***(VC- -SAUMYA)***

. . . . . . . . . .

# ECI-WORKSHOP

ચૂંટણી પંચ આજે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના મુખ્ય ચૂંટણી અધિકારી કાર્યાલયોના મીડિયા અને સંદેશાવ્યવહાર અધિકારીઓ માટે એક દિવસીય વર્કશોપનું આયોજન કરશે. આ વર્કશોપનો ઉદ્દેશ્ય દેશમાં ચૂંટણીઓ બંધારણ અનુસાર યોજાય તથા સમયસર અને સંકલિત રીતે કાનૂની, તથ્યપૂર્ણ અને નિયમ-આધારિત માહિતી પહોંચાડવાના મહત્વ પર ભાર મૂકવાનો છે. મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર ચૂંટણી કમિશનર ડૉ. સુખબીર સિંહ સંધુ અને ડૉ. વિવેક જોશીની હાજરીમાં વર્કશોપનું ઉદ્ઘાટન કરશે.

ચૂંટણી પંચે જણાવ્યું હતું કે ચૂંટણી પ્રક્રિયાઓ અંગે જનતાને ગેરમાર્ગે દોરતી ખોટી માહિતીમાં તાજેતરમાં વધારો થવાને ધ્યાનમાં રાખીને, આયોજિત આ વર્કશોપનો હેતુ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં સીઈઓ કાર્યાલયોના સંદેશાવ્યવહાર તંત્રને હકીકત-આધારિત પ્રતિભાવો સાથે ખોટી માહિતીનો સામનો કરવા સક્ષમ બનાવવાનો છે.

. . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો . આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . .

# NAVY-INS ARAVALI

ભારતની દરિયાઈ સુરક્ષાને મજબૂત બનાવવા તરફ એક મહત્વપૂર્ણ પગલું ભરતા, ભારતીય નૌકાદળ આજે ગુરુગ્રામમાં પોતાના કાફલામાં INS અરવલીને સામેલ કરશે.

સંરક્ષણ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું છે કે અરવલ્લી પર્વતમાળાના નામ પરથી INS અરવલ્લીનું નામ આપવામાં આવ્યું છે. તેને નૌકાદળની માહિતી અને સંદેશાવ્યવહાર પ્રણાલીને મજબૂત બનાવવા માટે બનાવવામાં આવ્યું છે. તે નિયંત્રણ અને દરિયાઈ સુરક્ષા ક્ષેત્રમાં માહિતી અને સંદેશાવ્યવહાર કેન્દ્રોને મદદ કરશે. આ સમારોહની અધ્યક્ષતા નૌકાદળના વડા એડમિરલ દિનેશ કે. ત્રિપાઠી કરશે.

. . . . . . . . . . .

# SERGIO GOR - INDIA

નવી દિલ્હીમાં નિયુક્ત અમેરિકી રાજદૂત સર્જિયો ગોરે કહ્યું છે કે ભારત-અમેરિકા સંબંધો વિશ્વમાં સૌથી મહત્વપૂર્ણ સંબંધોમાંના એક છે.

સેનેટમાં તેમની નિમણૂક દરમિયાન, શ્રી ગોરે ભારતને એક વ્યૂહાત્મક ભાગીદાર ગણાવ્યું. તેમણે કહ્યું કે ભારતનું ભૌગોલિક સ્થાન, આર્થિક વિકાસ અને લશ્કરી ક્ષમતાઓ સહિયારા સુરક્ષા હિતોને આગળ વધારવામાં મહત્વપૂર્ણ છે.

શ્રી ગોરે કહ્યું કે તેઓ ભારત સાથે સંરક્ષણ અને સુરક્ષા સહયોગને વધુ ગાઢ બનાવવાને પ્રાથમિકતા આપશે. જેમાં સંયુક્ત લશ્કરી કવાયતોનો વિસ્તાર કરવો, સંરક્ષણ પ્રણાલીઓના વિકાસ અને સહ-ઉત્પાદનને પ્રોત્સાહન આપવું તથા મહત્વપૂર્ણ સંરક્ષણ સોદાઓ પૂર્ણ કરવાનો સમાવેશ થાય છે.

તેમણે કહ્યું કે ભારતની 140 કરોડની વસ્તી અને ભારતનો ઝડપથી વિકસતો મધ્યમ વર્ગ, AI થી લઈને ફાર્માસ્યુટિકલ્સ સુધીના મુખ્ય ક્ષેત્રોમાં અમેરિકા માટે ઘણી તકો પ્રદાન કરે છે તેમણે કહ્યું કે અમેરિકાએ આવતા અઠવાડિયે વોશિંગ્ટનની મુલાકાત લેવા માટે એક ભારતીય પ્રતિનિધિમંડળને આમંત્રણ આપ્યું છે અને બંને પક્ષો એક કરાર કરવાની નજીક છે.

. . . . . . . . .

# BOLSONARO-SENTENCE

બ્રાઝિલના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ જેયર બોલ્સોનારોને લશ્કરી બળવાનું કાવતરું ઘડવા અને દેશમાં લોકશાહી નષ્ટ  કરવાનો પ્રયાસ કરવા બદલ 27 વર્ષથી વધુ જેલની સજા ફટકારવામાં આવી છે.

બ્રાઝિલની સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે 2018માં રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયેલા બોલ્સોનારો 2022ની ચૂંટણી હાર્યા બાદ બળજબરીથી સત્તા પર કબજો મેળવવાનો પ્રયાસ કરવા બદલ દોષિત છે. સજા અનુસાર, બોલ્સોનારોના ગુનાઓમાં બળવાનું કાવતરું ઘડવાનો અને બ્રાઝિલના લોકશાહીનો નાશ કરવાનો પ્રયાસ કરવાનો સમાવેશ થાય છે.

. . . . . . . . . . . . . . . . . . . . .

# TENNIS-DAVIS CUP

ટેનિસમાં, સુમિત નાગલ આજે ડેવિસ કપ વર્લ્ડ ગ્રુપ ટાઈ મેચમાં સ્વિટ્ઝર્લૅન્ડ સામે ભારતીય પડકારનું નેતૃત્વ કરશે. સુમિત નાગલની સાથે, ભારતીય ટીમમાં આર્યન શાહ અને દક્ષિણેશ્વર સુરેશ પણ શામેલ છે. ડબલ્સ મેચમાં એન શ્રીરામ બાલાજી અને ઋત્વિક ચૌધરી બોલીપલ્લી ભારતનું નેતૃત્વ કરશે

ભારત અને સ્વિટ્ઝર્લૅન્ડ વચ્ચે મેચની વિજેતા ટીમ 2026 ક્વોલિફાયરના પહેલા રાઉન્ડમાં પહોંચશે જ્યારે હારનારી ટીમને 2026 વર્લ્ડ ગ્રુપ પ્લે-ઓફમાં રમવું પડશે. ભારતીય ટીમ હજુ સુધી ડેવિસ કપ જીતી શકી નથી પરંતુ ટીમ 1966, 1974 અને 1987માં ત્રણ વખત રનર-અપ રહી છે.

. . . . . . . . . . .

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે સિમ્પલ ઠક્કર

- નેપાળમાં નવી સરકારની રચના અંગેના સમાચાર મોટાભાગના તમામા અખબારોએ પ્રથમ પાને છાપ્યા છે.
- ગુજરાત સમાચાર લખે છે નેપાળમાં નવી સરકારના નેતા મુદ્દે આંદોલનકારીઓમાં તડાં
- જ્યારે નવગુજરાત સમય લખે છેકે , હિંસાગ્રસ્ત નેપાળમાં વચગાળાની સરકારના વડા નક્કી કરવાની મડાગાંઠ યથાવત
- સંદેશ પ્રથમ પાને સર્વોચ્ચ અદાલતેના નિવેદનને ટાંકીને લખે છે, ગવર્નર તેમની ફરજ બજાવવામાં નિષ્ફળ જાય તો, અમે હાથ જોડીને બેસી ન રહી શકીએ
- ચારધામ યાત્રા અંગે દિવ્ય ભાસ્કરે પ્રથમ પાને લખ્યું મહિનાથી બંધ ચારધામ યાત્રા આવતીકાલથી શરૂ થશે
- જુનાગઢમાં આયોજિત કોંગ્રેસની પ્રશિક્ષણ શિબિરમાં આજે રાહુલ ગાંધીની ઉપસ્થિતિ, આ સમાચાર ફૂલછાબે છેલ્લા પાને છાપ્યા છે
- આજથી ભારત અને સ્વિત્ઝરલેન્ડ વચ્ચે આજથી ડેવિસ કપનો પ્રારંભ આ સમાચારને  નવગુજરાત સમય, ગુજરાત સમાચાર સહિતના અખબારો રમતગમતના પાનાં પર સ્થાન આપ્યું છે

. . . . . . . . . . . . . . . . .